સુપ્રીમમાં આખરે ખાનગી સ્કૂલોને મોટો ફટકો : આરટીઈ બંધારણીય રીતે યોગ્ય

નવી દિલ્હી,તા.૧૨

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમકોર્ટે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ (આરટીઈ)ની જુદી જુદી જોગવાઈઓને આજે યોગ્ય ઠેરવી હતી. સુપ્રીમકોર્ટે ખાનગી સ્કૂલોને મોટો ફટકો આપતા આરટીઈને બંધારણીય રીતે યોગ્ય ઠેરવી કેટલીક જરૂરી સ્પષ્ટતાઓ પણ કરી હતી. કોર્ટે પોતાના ચુકાદાને ઠેરવ્યુ હતુ કે ખાનગી સ્કૂલોમાં પણ આરટીઈ હેઠળ ગરીબ બાળકોને પ્રવેશ મળે તે જરૂરી છે. ગરીબ અને આર્થિક રીતે નબળા વર્ગના બાળકો માટે ૨૫ ટકા સીટ રિઝર્વ રાખવા ખાનગી સ્કૂલો માટે પણ ફરજીયાત છે. કોર્ટે કહ્યું હતું કે પોતાના મહત્વપૂર્ણ શિક્ષણના અધિકાર કાયદા હેઠળ નબળા વર્ગના બાળકો માટે અનામત તમામ સરકારી સ્કૂલો, નાણાકીય સહાયતા મેળવતી સ્કૂલોમાં લાગુ પડે છે. ત્રણ ન્યાયાધીશોની બેંચે બહુમતી ચુકાદામાં જણાવ્યુ હતું કે આરટીઈ

બંધારણીય રીતે યોગ્ય છે. આ ચુકાદાને ખાનગી સ્કૂલો માટે ફટકા સમાન ગણવામાં આવે છે. સુપ્રીમ કોર્ટનો આદેશ તાત્કાલિક ધોરણે અમલી બનાવી દેવામાં આવ્યો છે. આનો મતલબ એ થયો કે આ ચુકાદાની અસર અગાઉના પ્રવેશ ઉપર પડશે નહીં. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું હતું કે આરટીઈ એક્ટ તમામ જાહેર અને ખાંનગી સ્કૂલોની તમામ કેટેગરી ઉપર લાગુ થશે. માત્ર સહાય મેળવતી લઘુમતી સ્કૂલો ઉપર આ એક્ટ લાગુ થશે નહીં. સુપ્રિમના ચુકાદામાં જણાવવામાં આવ્યું છે કે તમામ સ્કૂલોને ગરીબો બાળકો માટે ૨૫ ટકા સીટ રાખવી પડશે.

આ ચુકાદો અમલી બનતા ગરીબ વર્ગના વિદ્યાર્થીઓને પણ ફાયદો થશે. લઘુમતી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતી એવી સંસ્થાઓને આ ચુકાદો લાગુ પડશે નહીં જે એક પણ પૈસા મેળવતી નથી. સરકાર અથવા તો સ્થાનિક સંસ્થાઓ પાસેથી નાણા નહીં મેળવનાર સંસ્થાઓ પર આરટીઈ એક્ટ લાગુ થશે નહીં. સુપ્રીમે એમ પણ કહ્યું હતું કે બોર્ડિંગ સ્કૂલો ઉપર પણ આરટીઈ એક્ટ લાગુ થશે નહીં. ચીફ જસ્ટીસ એસએચ કાપડીયા અને જસ્ટીસ કેએસ રાધાકૃષ્ણ તથા સ્વતંત્ર કુમારની બનેલી બેંચે ગયા વર્ષે ત્રીજી ઓગસ્ટના દિવસે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. આરટીઈ એક્ટ અંગે ચુકાદાના શ્રેણીબદ્ધ જોગવાઈઓ કરવામાં આવી છે. શ્રેણીબદ્ધ ખાનગી સ્કૂલના આ એક્ટની કાયદેસરતા સામે પ્રશ્નો

સુપ્રીમ કોર્ટે શુ કહ્યું.....

- રાઈટ ટુ એજ્યુકેશનની વિવિધ જોગવાઈ યોગ્ય છે
- સહાય નહી મેળવતી લઘુમતિ સ્કુલ સિવાય રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ ૨૦૦૯ જાહેર અને ખાનગી સ્કુલના તમામ વર્ગ પર લાગુ પડે છે
- ગરીબ બાળકો માટે ૨૫ ટકા સીટ રાખવા તમામ સ્કુલોને આદેશ
- આરટીઈ એક્ટ અંગેનો ચુકાદો તાત્કાલિક ધોરણે અમલી
- લઘુમતી સંસ્થાઓ દ્વારા ચલાવાતી સંસ્થાઓ પર આરટીઈ એક્ટ લાગુ પડશે નહી
- સરકાર અથવા તો સ્થાનિક સંસ્તાઓ પાસેથી નાણાં નહી મેળવનાર પર એક્ટની જોગવાઈ લાગુ નહી પડે
- બોર્ડિંગ સ્કુલોને આરટીઈ એક્ટ લાગુ પડશે નહી
- રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંગેની ઘણી ગુંચવણને દુર કરી
- સુપ્રીમ કોર્ટના ચુકાદાથી ખાનગી સ્કુલોને મોટો ફટકો પડયો

પ્રતિનિધિઓ અને સહાય નહી મેળવતી ખાનગી સ્કૂલોના પ્રતિનિધિઓએ એવા આધાર ઉપર ઉઠાવ્યા હતા કે શૈક્ષણિક સંસ્થાઓ ચલાવવામાં અધિકારો ઉપર અતિક્રમણ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. ઘણી બધી અરજીઓનો નિકાલ લાવતી વેળા સુપ્રીમ કોર્ટે આ મુજબનો ચુકાદો આપ્યો હતો. આ ચૂકાદા અંગે પ્રતિક્રિયા કરતા આરટીઈના કાર્યકર અને વકિલ અશોક અગ્રવાલે કહ્યું હતું કે આ ચુકાદાથી તેઓ ખુશ છે. તેઓએ આશા વ્યક્ત કરી હતી કે આ ચુકાદાથી સરકારની શૈક્ષણિક નિતીમાં લોકોનો વિશ્વાસ વધશે. મહિનાઓથી આ કેસમાં લાંબી દલીલો ચાલી રહી હતી. કેન્દ્ર સરકારે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે સમાજના સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગને પ્રોત્સાહન આપવાનો આની પાછળ મુખ્ય હેતુ છે. કેન્દ્ર સરકારે સામાજીક અને આર્થિક અંતરથી મેરીટ અને ટેલેન્ટને અલગ કરવાની જરૂરીયાત ઉપર ભાર મુક્યો હતો. સમાજના નબળા વર્ગના બાળકોને શિક્ષણમાં પ્રોત્સાહન આપવાની જરૂરીયાત ઉપર પણ કેન્દ્ર સરકારે ભાર મુક્યો હતો અને કહ્યું હતું કે બેકગ્રાઉન્ડ ઉપર નજર કર્યા વગર બાળકો સ્કૂલ રુમ સુધી પહોંચે તે જરૂરી છે. સમાજમાં મોટા બુદ્ધિજીવી લોકો અને શિક્ષણ શાસ્ત્રીઓએ પણ આ ચૂકાદાનું સ્વાગત કર્યુ છે. ખાનગી સંસ્થાઓ જુદી જુદી રજુઆતો કરી રહી હતી. અને ખાનગી સંસ્થાઓ આરટીઈ હેઠળ ગરીબ બાળકોને પ્રવેશ સામે વાંધો ઉઠાવી રહી હતી. તેમની તર્કદાર દલિલો પણ હતી જો કે સુપ્રીમ કોર્ટે તેમની દલિલો તરફ ધ્યાન આપ્યું નથી. સુપ્રિમ કોર્ટના આજના ચુકાદાની ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો ઉપર ખુબ સારી અસર થશે. અને બાળકો શિક્ષણના તેમના મૂળભુત અધિકાર તરફ ધ્યાન આપશે.

તમામ ધર્મના લોકો માટે લગ્નની નોંધણી ફરજિયાત

નવીદિલ્હી,તા. ૧૨

ભારતમાં હવે તમામ ધર્મના લોકો માટે લગ્નની નોંધણી ફરજિયાત કરી દેવામાં આવી છે. આજે મળેલી કેબિનેટની બેઠકમાં આ દરખાસ્તને લીલીઝંડી આપી દેવામાં આવી હતી. આ મામલે છેલ્લા કેટલાક દિવસથી જોરદાર ચર્ચા ચાલી રહી હતી. શિખ ધર્મના લગ્ન માટે અલગ કાયદો રહેશે. શિખ ધર્મના લોકોના લગ્ન અનંદ કારજ એક્ટ હેટળ થસે. હજુ સુધી શિખ લોકોના લગ્ન પણ હિન્દુ મેરીઝ એક્ટ હેઠળ રહેલી જોગવાઈ મુજબ થતા હતા. પરંતુ હવે આના માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. ગયા સપ્તાહમાં કેબિનેટની બેઠકમાં હિન્દુ મેરીઝ એક્ટ ૧૯૫૫ અને સ્પેશિયલ મેરરીઝ એક્ટ ૧૯૫૪માં સુધારાને લીલીઝંડી આપવામાં આવી હતી.શિખ સમુદાયના લોકો દ્વારા લાંબા સમયથી આ મુજબની માંગ કરવામાં આવી રહી હતી. કેન્દ્રિય કેબિનેટે આજે અનંદ મેરીઝ એક્ટ ૧૯૦૮ની રજૂઆતને લીલીઝંડી આપી દીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે હજુ સુધી બૌધ અને જૈન સમુદાયના લોકો સાથે શિખ લોકોના લગ્નને હિંદુ મેરિજ એક્ટ હેઠળ નોંધવામાં આવતા હતા. મુસ્લિમો, પારસી, ખ્રિસ્તી અને યહુદી લોકોમાં તેમને લગ્નની નોંધણી અલગ એક્ટ હેઠળ થતી હતી. કાયદા મંત્રાલય દ્વારા અગાઉ પ્રવર્તમાન જન્મ અને મૃત્યુ નોંધણી ધારા ૧૯૬૯ હેઠળ તેમાં સુધારા કરવાની રજુઆત કરી હતી. ભલામણમાં કાયદા મંત્રાલયે એમ પણ કહ્યું હતું કે લગ્નની નોંધણી માટે ધાર્મિક બાબતોને ધ્યાનમાં લેવામાં આવે તે જરૂરી છે. આંતર જાતિ લગ્ન વ્યવસ્થાને વધુ સરળ અને વિશ્વસનીય હેતુસર આ હિલચાલ હાથ ધારઈ હતી. મંત્રાલયે કહ્યું હતું કે ધર્મ હેઠળ લગ્નની નોંધણીથી કેટલીક ગુંચવણો દૂર થશે. શીખ સમુદાયના લોકો દ્વારા છેલ્લા ઘણા સમયથી અલગ વ્યવસ્થાની માંગણી કરવામાં આવી રહી હતી. મિટિંગ બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કેન્દ્રીય પ્રધાન કપિલ સિબ્બલે કહ્યું હતું કે અનંદ કારજ એક્ટ હેઠળ તેમના લગ્નની નોંધણી શિખ સમુદાયના લોકો માટે ફરજીયાત રહેશે નહી. ગયા મહિને કેબિનેટે હિંદુ લગ્ન ધારામાં સુધારા કરવાની માંગ કરતી દરખાસ્તોને લીલીઝંડી આપી હતી.

આરૂષી કેસમાં નુપુર તલવારને સુપ્રીમે કોઈ જ રાહત ન આપી

નવી દિલ્હી,તા. ૧૨

પુત્રી આરૂષિ અને નોકર હેમરાજની બેવડી હત્યા કેસમાં ધરપકડનો સામનો કરી રહેલા નુપુર તલવારે આજે ટ્રાયલ કોર્ટ દ્વારા તેની સામે જારી કરવામાં આવેલા બિન જામીનપાત્ર વોરંટ પર સ્ટે મુકવાની માંગ કરીને સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. જો કે જસ્ટીસ એકે પટનાઈક અને સ્વંતત્ર કુમારની બનેલી બેંચે તેની અરજી પર સુનાવણી કરવાનો ઈન્કાર કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તેની અરજી પર આવતીકાલે સુનાવણી હાથ ધરવામાં આવશે. નુપુર ધરપકડનો સામનો કરી રહી છે. કારણ કે સીબીઆઈ દ્વારા આ કેસમાં તેમની શોધખોળ કરવામાં આવી રહી છે. ગાઝિયાબાદની કોર્ટ દ્વારા તેમની સામે જારી કરવામાં આવેલા બિન જામીનપાત્ર વોરંટને અમલી બનાવવા માટે ગઈકાલે સીબીઆઈની ટીમે વ્યાપક દરોડા પાડ્યા હતા. તાકીદે સુનાવણી કરવાની માંગ કરીને દાખલ કરવામાં આવેલી અરજીમાં કેટલીક દલીલો કરવામાં આવી છે. આ ડેનટિસ્ટના વકીલે કહ્યું હતું કે તે કોઈ ફરાર થયેલી વ્યક્તિ નથી. નુપુર તરફથી હાજર થયેલા વરિષ્ઠ વકીલ મુકુલ રોહતાગીએ કહ્યું હતું કે નુપુર ફરાર નથી. તે કાયદાથી પણ છટકવા પ્રયાસ કરી રહી નથી. જેથી કેસમાં તાકીદે સુનાવણી હાથ ધરવામાં આવે તે જરૂરી છે. જો કે બેંચે કહ્યું હતું કે આજે આ કેસ યાદીમાં નથી. આવતીકાલે મામલામાં સુનાવણી હાથ ધરવામાં આવશે. આરૂષિ કેસના મામલામાં નુપુરની તકલીફ વધી રહી છે કારણ કે તેઓ કોર્ટમાં ઉપસ્થિત થઈ રહ્યા નથી તેમની હવે કોઈ પણ સમય ધરપકડ થઈ શકે છે.

કોર્પોરેટ કર્મીઓનો સરેરાશ પગાર વધારો ઓછો રહેશે

નવી દિલ્હી,તા.૧૨

કોર્પોરેટ ભારતમાં કર્મચારીઓને વર્ષ ૨૦૧૨માં સરેરાશ ઓછો પગાર વધારો મળે તેવા શંકેત મળી રહ્યા છે. તાજેતરમાં જ કરવામાં આવેલા નવા સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે ગયા વર્ષની સરખામણીમાં વર્ષ ૨૦૧૨માં કોર્પોરેટ ભારતમાં કર્મચારીઓને ૧૧.૫૪ ટકાનો સરેરાશ પગાર વધારો મળે તેવી શક્યતા છે. કંપનીઓ હાલમાં આર્થિક પ્રવૃતિને લઈને ઉદાશીન છે. એચઆર કન્સલ્ટીન કંપની રાઈટ સ્ટેપ કન્સલ્ટિંગ દ્વારા કરવામાં આવેલા નવા સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં પગાર વધારો વર્ષ ૨૦૧૨માં ઘટીને ૧૧.૫૪ ટકા રહેશે. જે વર્ષ ૨૦૧૧માં ૧૧.૮૯ ટકા હતો. આનો મતલબ એ થયો કે પગાર વધારો અગાઉના વર્ષની સરખામણીમાં આ વખતે ઓછો રહેશે. છેલ્લા બે વર્ષમાં વૃદ્ધિદરમાં પણ ઉથલ પાથલની સ્થિતિ રહી છે. ભારતીય અર્થતંત્રમાં માર્ચ ૨૦૧૨માં પુરા થયેલા વર્ષમાં આર્થિક વૃદ્ધિદરમાં ઘટાડો નોંધાયો છે. છેલ્લા બે વર્ષમાં ૮.૪ ટકાનો રેટ રહ્યો હતો. ભારતીય કોર્પોરેટ સેકટરની હાલત કફોડી બનેલી છે. રાઈટ સ્ટેપ કન્સલ્ટિંગના અધિકારીઓનું કહેવું છે કે આગામી દિવસોમાં પણ કર્મચારીઓ હોબાળો મચાવી શકે છે. સર્વિસ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટર બન્નેમાં પગાર વધારો ઘટવાના સંકેત છે. મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં પગાર વધારો વર્ષ ૨૦૧૧માં ૧૧.૯૧ ટકાની સામે ૧૧.૫૮ ટકા રહેવાની સંભાવના છે. જ્યારે સર્વિસમાં પગાર વધારો ગયા વર્ષે ૧૧.૮૭ ટકાની સરખામણીમાં ૧૧.૪૯ રહેવાની શકયતા છે. મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં પગાર વધારામાં થવાના શકેત મળતા ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. ટેલિકોમ અને અન્ય ક્ષેત્રોમાં પણ અપેક્ષિત પગાર વધારો ઓછો રહેશે. જેમાં રિટેલ, આઈટી સોફટવેર, બીએફએસઆઈ અને ટ્રાવેલ જેવા સેક્ટરનો સમાવેશ થાય છે. ૨૩૨૬ ભારતીય કંપનીઓને આવરી લઈને સર્વેની કામગારી હાથ ધરવામાં આવી હતી. જેમાં આ ચિત્ર સ્પષ્ટ થયું હતુ.

એર ઈન્ડિયા માટે રિસ્ટ્રકચરિંગ યોજનાને લીલીઝંડી

નવી દિલ્હી,તા. ૧૨

રોકડ કટોકટીનો સામનો કરી રહેલા એર ઈન્ડિયાને આજે મોટી રાહત મળી હતી. કારણ કે સરકારે એર ઈન્ડિયા માટે રિસ્ટ્રકચરિંગ યોજનાને લીલીઝંડી આપી દીધી હતી. આ યોજનાને લઈને ઘણા સમયથી ચર્ચા ચાલી રહી હતી. એર ઈન્ડિયાના ઓપરેશન અને ફાયનાન્સને પુન વ્યવસ્થિત કરવા

ટર્નએરાઉન્ડ પ્લાન (ટીએપી)ને સરકારે લીલીઝંડી આપી દીધી હતી. આર્થિક બાબતો અંગે કેબિનેટ સમિતીની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા નાગરિક ઉડયન પ્રધાન અજિત સિંહે કહ્યું હતું કે એર ઈન્ડિયાના ટર્નએરાઉન્ડ પ્લાનને મંજૂરી આપી દેવામાં આવી છે. સીસીઈએ દ્વારા ટીએપીને મંજૂરી આપવામાં આવી હતી. ઉપરાંત એરલાઈનના ફાયનાન્સિયલ રીસ્ટ્રકચરિંગ પ્લાન(એફઆરપી)ને પણ લીલીઝંડી આપી હતી. જેમાં સરકાર દ્વારા વધારે ઈક્વિટી ઠાલવવાની બાબતનો સમાવેશ થાય છે. ઉપરાંત જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે બોઈંગ ડ્રીમલાઈનર -૭૮૭ને પણ મંજૂરી આપી દેવામાં આવી છે. સીસીઈએની બેઠકમાં કેટલીક યોજનાને મંજૂરી આપવામાં આવી હતી. જો કે ઈન્ડિયન કેરિયર્સમાં રોકાણ કરવા વિદેશી એરલાઈન્સોને મંજૂરી આપવાના મામલે કોઈ નિર્ણય લેવાઈ શક્યો ન હતો. આ મામલો મોકુફ કરી દેવામાં આવ્યો હતો. આ મામલે હવે આગામી સપ્તાહમાં મળનારી કેબિનેટની બેઠકમાં નિર્ણય કરવામાં આવશે. એરલાઈન્સની રિસ્ટ્રકચરિંગ યોજનાના ભાગરૂપે સરકારે વર્ષ ૨૦૧૨-૧૩ના કેન્દ્રિય બજેટમાં વર્તમાન નાણાંકીય વર્ષમાં ૪૦૦૦ કરોડ રૂપિયા ઠાલવવાની જાહેરાત કરી હતી. આની સાથે જ એરલાઈન્સનું ઈક્વિટી નેટવર્ક વધીને ૭૩૪૫ કરોડ સુધી પહોંચી જશે. અમેરિકી વિમાન બનાવતી મહાકાય કંપની બોઈંગ ૨૭ ડ્રીમલાઈનર પૈકી પ્રથમ આગામી મહિનામાં ઉપલબ્ધ કરાવે તેવી શક્યતા છે. વર્ષ ૨૦૦૫માં આના માટે ઓર્ડર આપવામાં આવ્યો હતો. એસબીઆઈના નેતૃતવમાં ૧૯ બેંકોના જુથે ગયા મહિનામાં એફઆરપીને મંજૂરી આપી હતી. એફઆરપી એર ઈન્ડિયાને મોટી રાહત આપશે. એફઆરપીના ભાગરૂપે એર ઈન્ડિયાએ ૩૧મી માર્ચના દિવસે બેંકોના જુથ સાથે સમજુતી કરી હતી. એર ઈન્ડિયાને ૩૦૦૦૦ કરોડ રૂપિયા મળશે. ૨૦૨૦ સુધી તેમાં આ જંગી રકમ ઠાલવવાની અજીત સિઈં જાહેરાત કરી. એર ઈન્ડિયાની નાણાંકિય હાલતને સુધારવા હાલમાં પગલા લેવાઈ રહ્યા છે.

મારૂતીની નવી કાર અર્ટિગા લોન્ચ

નવી દિલ્હી,તા. ૧૨

દેશની સૌથી મોટી કાર બનાવતી કંપની મારૂતી સુઝુકી ઈન્ડિયાએ પોતાની એમયુ (મલ્ટી પરપોઝ વિકલ્પ) અર્ટિગાને બજારમાં ઉતારી દિધી છે. આ કારની કિંમત દિલ્હીમાં ૫.૮૯ લાખથી લઈને ૮.૪૫ લાખ રૂપિયા રાખવામાં આવી છે.

ગ્રાહકો માટે પેટ્રોલ અને ડિઝલ બંને પ્રકારની કાર રાખવામાં આવી છે. કસ્ટમરો પોતાની ઈચ્છાથી કારની પસંદગી કરી શકશે. પેટ્રોલ કારની કિંમત ૫.૮૯ લાખથી ૭.૩૦ લાખ રૂપિયા રાખવામાં આવી છે. જ્યારે ડિઝલ વર્ઝનની કારની કિંમત ૭.૩૦ લાખથી ૮.૪૫ લાખ રૂપિયા રાખવામાં આવી છે. પેટ્રોલ મોડલ ૧.૪ લિટર એન્જીન અને ડિઝલ વર્ઝનમાં ૧.૩ લિટર એન્જીન છે. પેટ્રોલ વર્ઝનની માઈલેજ પ્રતીલિટર ૧૬.૦૨ કિલોમીટર અને ડિઝલ વર્ઝનની એવરેજ ૨૦.૭૭ કિલોમીટર હોવાનો દાવો કરવામાં આવ્યો છે. કંપનીના મુખ્ય અધિકારી એસ નાકાનીશિએ કહ્યું છે કે, વધારે ઉપયોગ વાળા યાત્રી વાહનોની માંગ દિન પ્રતિદિન વધી રહી છે. અમે હજુ સુધી આ ક્ષેત્રમાં ન હતા. પરંતુ હવે આ ક્ષેત્રમાં પણ એન્ટ્રી કરી રહ્યા છીએ. છેલ્લા ત્રણ વર્ષમાં આ ક્ષેત્રમાં કુલ વાર્ષિક ૨૦ટકાનો વધારો થયો છે. અમે માનીએ છિએ કે આગામી સમયમાં પણ આમા વધારો થશે. હાલમાં દેશમાં દર મહિને ૩૦૦૦૦ એમયુવી અને એસયુવી વાહનો વેચાઈ રહ્યા છે. મારૂતીએ અર્ટિગાના વિકાસ પર ૪૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે.

જીવન જરૂરી ચીજ વસ્તુઓના ભાવ આસમાને

નવી દિલ્હી,તા.૧૨

જીવન જરૂરી ચીજ વસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે. શાકભાજી, ફળના ભાવ આસમાને પહોંચ્યા છે જેથી સામાન્ય લોકો આ પ્રકારની ચીજ વસ્તુઓ ખાવાની હિમ્મત પણ કરી શકતા નથી. પાણીની અછત અને અન્ય પરિબળોના પરિણામ સ્વરૂપે શાકભાજી અને ફળના ભાવમાં તીવ્ર વધારો થયો છે. આગામી જુલાઈ મહિના સુધી મોંઘવારીથી કોઈ રાહત મળે તેવી શકયતા દેખાઈ રહી નથી. જુદા જુદા પ્રકારના ફળના ભાવમાં વધારો થવા માટે ઘણા કારણો જવાબદાર છે. એક કારણ એ પણ છે કે સફરજન, ઓરેન્જ, મોસમ્બી, કેળા સહિતના ફળના ઉત્પાદનમાં હાલમાં ઘટાડો થયો છે. ઉત્પાદનમાં ઘટાડો થતા કિમતો વધી ગઈ છે. માંગની સરખામણીમાં પુરવઠો ખૂબ જ પાછળ રહી જતા જટિલ સ્થિતિ સર્જાઈ રહી છે. ખાદ્યાન તેલ અને કઠોળની કિમત પણ ઓછા સ્થાનિક ઉત્પાદન અને મોંઘી આયાતના કારણે અનેકઘણી વધી ગઈ છે. છેલ્લા બે સપ્તાહના ગાળામાં જ બટાકાની કિમતમાં ૩૦ટકા સુધીનો વધારો થયો છે. જ્યારે ફળની કિમતમાં ૧૦થી ૪૦ટકાનો વધારો થયો છે. દેશભરમાં શાકભાજીનું ઉત્પાદન ૨૫ ટકા સુધી ઘટી જતા કિમતો ઉપર માઠી અસર થઈ છે. મધ્યસ્થીઓ કિમતોમાં ઉતાર ચઢાવ લાવીને અંધાધૂંધી સર્જી રહ્યા છે. જો પાણીની સમસ્યા યથાવત રહેશે તો શાકભાજીનું ઉત્પાદન એપ્રિલ અને મે મહિનામાં વધુ બગડશે. ઓલ ઈન્ડિયા વેજીટેબલ ગ્રોવર્સ એસોસીએશનના પ્રમુખ શ્રીરામ ગઢવે દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. ફળનું ઉત્પાદન પણ દેશભરમાં ખરાબ હોવામાનના કારણે ઘટી ગયું છે. ૨૦૧૦-૧૧માં દેશમાં ૨૩૦ મિલિયન ટન ફળ અને શાકભાજીનું ઉત્પાદન થયું હતું. સરકારે સંકેત આપ્યો છે કે વર્ષ ૨૦૧૨માં આમા ૧૦ટકા સુધીનો વધારો થશે. હિમાચલ અને કાશ્મીરમાં સફરજનનું ઉત્પાદન ક્રમશ વર્ષ ૨૦૧૨માં ૫૦અને ૨૫ ટકા સુધી ઘટી ગયું છે. જ્યારે મહારાષ્ટ્રમાં ઓરેન્જનું ઉત્પાદન ઘટીને અડધુ થયું છે. સ્વીટ લાઈમ અથવાતો મોસમ્બીનું ઉત્પાદન ૩૦ ટકા સુધી ઘટ્યું. મહારાષ્ટ્રમાં કેળાનું ઉત્પાદન ૩૦થી ૪૦ ટકા ઘટી ગયુ છે. ગુજરાતમાં તડબુજનું ઉત્પાદન પણ ઘટી ગયું છે. ઓછા વરસાદના કારણે આ સ્થિતિ સર્જાય છે. આંધ્રપ્રદેશમાં કેરીના પાકને પણ આ અસર થઈ છે. ફળ અને શાકભાજીના ભાવમાં વધારો દેખાઈ રહ્યો છે. આવનાર દિવસોમાં ભાવ વધારો વધુ જટિલ સમસ્યા ઉભી કરી શકે છે. દિલ્હીમાં ટામેટાના ભાવ કિલો દીઠ ૪૦ ઉપર પહોંચ્યા છે. ભાવ વધારાના કારણે ગ્રાહકો ઉપર માઠી અસર થઈ છે. શાકભાજી અને ફળના ભાવ મધ્ય વર્ગના લોકોની હદની બહાર જતા રહ્યા છે.

મુલાયમ, અખિલેશ સહિતના ૧૦ લોકોને ઝેડ પ્લસ સુરક્ષા

લખનૌ,તા. ૧૨

ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ યાદવ, મુખ્યપ્રધાન અખિલેશ યાદવ અને પૂર્વ મુખ્યપ્રધાન માયાવતી સહિત કુલ ૧૦ લોકોને સર્વોચ્ચ ઝેડ પ્લસની સુરક્ષા ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સત્તાવાર સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે ઝેડ પ્લસની સુરક્ષા ભૂતપૂર્વ મુખ્યપ્રધાનો રાજનાથસિંહ, કલ્યાણસિંહ અને રામ નેરશન યાદવને પણ આપવામાં આવી છે. ગૃહ વિભાગના સુત્રોએ કહ્યું છે કે ઝેડ પ્લસની સુરક્ષાનો મતલબ એ છે કે આ લોકોની સાથે ૨૪ કલાક ૨૮ નેશનલ સિક્યુરિટી ગાર્ડ કમાન્ડો રહેશે. એક

એસકોર્ટ, પાઈલોટ અને નાના બાહનો પણ રહેશે. કોબરા કમાન્ડો અને ૧૨ હોમગાર્ડની ટુકડી પણ તેમની સાથે રહેશે. ઝેડ કેટેગરીની સુરક્ષા જે લોકોને આપવામાં આવી છે તેમાં રાજયના પ્રધાનો મોહમ્મદ આઝમ ખાન, સિવપાલ યાદવ, કેન્દ્રિય કોલસા પ્રધાન પ્રકાશ જયસ્વાલ, વિશ્વ હિન્દુ પરિષદના નેતા અશોક સિંઘલ, ભાજપના નેતા વિનય કટિયાર, વારાણસીના સાંસદ મુરલી મનોહર જોશી, કોંગ્રેસના નેતા પ્રમોદ તિવારી અને લખનૌના ભાજપના સાંસદ લાલજી ટંડનનો સમાવેશ થાય છે. આ તમામને ત્રણ સુરક્ષા જવાન અને કોબરા અને અન્ય કમાન્ડો આપવામાં આવ્યા છે. વિવાદાસ્પદ નેતા બાબુ સિંહ કુશવાહને વાય કેટેગરીની સુરક્ષા આપવામાં આવી છે. ઝેડ કેટગરીની સુરક્ષા અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેંચના ત્રણ જજને પણ આપવામાં આવી છે. આ જજોએ અયોધ્યા ચુકાદો આપ્યો હતો. એસયુ ખાન, સુધીર અગ્રવાલ અને ધરમવીર શર્માને ઝેડ સુરક્ષા આપવામાં આવી છે.

ભારતના મનોજ ભાર્ગવ અમેરિકામાં સૌથી અમીર ભારતીય

વોશિંગ્ટન,તા. ૧૨

ભારતના મનોજ ભાર્ગવ અમેરિકામાં સૌથી અમીર ભારતીય તરીકે ઉભરી આવ્યા છે. ખુબ ટુંકા ગાળામાં મનોજે આ સિદ્ધી હાંસલ કરી છે. થોડાક મહિના પહેલા સુધી મનોજને કોઈ ઓળખતા ન હતા. પરંતુ તેમની કુશળતાથી હવે તેમને તમામ ઓળખતા થઈ ગયા છે. અમેરિકાના પ્રતિષ્ઠિત ફોર્બ્સ મેગેઝિને સૌથી કરોડપતિ લોકોની યાદી જારી કરતા તેમા પણ મનોજને સ્થાન મળતા લોકો ઓળખતા થયા છે. હવે તમામની નજર તેમના પર કેન્દ્રિત થઈ ગઈ છે. મનોજ ભાર્ગવનો જન્મ લખનૌમાં થયો હતો. જ્યારે તેમના પિતા ૧૯૬૭માં અમેરિકાપોતાની પીએચડી કરવા માટે ગયા હતા ત્યારે તેમને પણ સાથે લઈ ગયા હતા. તેઓ ભણવામાં ખુબ હોશિયાર હતા. જો

કે તેઓએ પોતાના સ્વપ્રને પૂર્ણ કરવામાં લાગી ગયા હતા. તેઓએ અમેરિકાની પ્રિસ્ટન યુનિવર્સિટીમાં ગણિતમાં ગ્રેજુએશન કરવા માટે પ્રવેશ લીધો હતો. પરંતુ પ્રથમ વર્ષે અભ્યાસ કર્યા બાદ ભણવાનું તેઓ બંધ કરતા પરિવારમાં ચિંતા ફેલાઈ ગઈ હતી. એમ માનવામાં આવે છે કે અમેરિકાની સિલિકોન વેલીમાં જાણીતા વિનોદ ખોસલા કરતા પણ હવે તેમની પાસે વધારે નાણાં છે. મનોજ ભાર્ગવ અમેરિકાની સૌથી મોટી એનર્જી ડ્રિંક પાંચ ઓવર એનર્જીના માલિક છે. આ ડ્રિંકના કારણે તેઓએ ભારે લોકપ્રિયતા મેળવી લીધી છે. આ કંપનીની બોટલ પોતાના સેગ્મેન્ટમાં ૯૦ટકા માર્કેટમાં પ્રબુત્વ ધરાવે છે. તેઓએ પોતાની ડ્રિંક વર્ષ ૨૦૦૮માં લોંચ કરી હતી. ત્યારબાદથી આને મોટી સફળતા મળી હતી. તેમની કંપનીની સંપત્તિ ૫૦૦૦ કરોડની આસપાસ છે. મનોજ ભાર્ગવે છેલ્લા આઠ વર્ષમાં મોટી સફળતા મેળવી છે.

ઓરિસ્સામાં ઈટાલિયન નાગરિક અંતે મુક્ત

ભુવનેશ્વર,તા. ૧૨

ઓરિસ્સામાં બાન કટોકટીનો આજે સુખદ અંત આવ્યો હતો. કારણ કે ઈટાલિયન બંધક પાઉલોને માઓવાદીઓએ સવારે મુક્ત કરી દીધો હતો. ઓરિસ્સાના કંધમાલ જિલ્લામાં નકસલવાદીઓએ અન્ય એક ઈટાલિયન નાગરિક ક્લાઉડિયોની સાથે પાઉલોનું અપહરણ કરી લીધુ હતુ. ૫૪ વર્ષીય પાઉલોને આદિવાસી પ્રભાવળાળા કંધમાલ જિલ્લાના વન્ય વિસ્તારમાં કેટલાક પત્રકારો અને તેમના મધ્યસ્થી દંડાપાણી મોહન્તીને સોંપી દેવામાં આવ્યો હતો. માઓવાદીઓ છેલ્લા કેટલાક દિવસથી આક્રમક બનેલા હતા.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
ધ્યાન સાથેમના ખરીદીઓ ટાયર-ટ્યુબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

SANGHI CEMENT
KisaN
BENELAVE
H.FIXIT
TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
SANGHI STEEL - ISI
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધી